# પેપ્સી ઈન્ડિયા દ્વારા સૌથી મોટી બ્લોકબસ્ટર 'ધ ગેમ'ની રજૂઆત

પેપ્સી ઈન્ડિયા દ્વારા સૌથી મોટી બ્લોક બસ્ટર 'ધ ગેમ'ની રજૂઆત કરવામાં આવી છે. પેપ્સીની ઈનોવેટીવ અને દર્શકોને સામેલ કરતી એવી ગેમ્સ છે કે જેમાં ટીવી જાહેરાત દરમ્યાન ગેમિંગનો આનંદ માણી શકાય છે. આ પાંચ અઠવાડિયાની રોમાંચક ગેમનો પ્રારંભ ૨૭મી માર્ચથી ટીઝર ફિલ્મ સાથે થશે. તમારા ફેવરિટ બોલીવૂડ સ્ટાર રણબીર કપૂર અને સંજય દત્તને પ્રથમ વખત એક સાથે ચમકાવતી 'ધ ગેમ' આઈપીએલની આ સિઝનમાં યંગીસ્તાન માટે રોમાંચક પડકારનું વચન આપે છે. આ ગેમમાં દર્શકો ટેલિવિઝન જોતા જોતા રૂ. ૫૦ લાખ જીતવાની તક મેળવી શકે છે. તો થઈ જાઓ યંગીસ્તાન કા વાઉ શો માટે તૈયાર. 'ધ ગેમ' કાલ્પનિક જગતના સેટ પર છે અને તમામ એકશન કિલ્લામાં જોવા મળે છે, જેમા માલિક 'ગેમ માસ્ટર'ની ભૂમિકા ભજવતા મૂળ ખલનાયક સંજય દત્ત છે. તે યંગીસ્તાન રણબીરને તેના કિલ્લામાંથી પેપ્સી મેળવવાનો પડકાર ફેંકે છે.

રણબીર આ આકરા પડકારોનો સામનો કરે છે ત્યારે તમે યોગ્ય પસંદગી કરવા અને વિજેતા બનવા માટે તેને મદદ કરી શકો છો. રણબીર તેની પેપ્સીની નજીક હોય ત્યારે તમારા સાચા જવાબથી તમને ફન પ્રાઈઝ મળી શકે છે અને તેનાથી તમે રૂ. ૫૦ લાખના આખરી રોકડ ઈનામની નજીક પહોંચી શકો છો. 'ધ ગેમ' ત્રણ લેવલે પાંચ ફિલ્મો પર રમાશે, પ્રત્યેક લેવલનો અંત બ્રેઈનટીઝર સાથે થશે. પ્રત્યેક કોયડા સાથે ત્રણ વિકલ્પો આપવામાં આવશે અને તમારે પોતાની સૂઝનો ઉપયોગ કરીને સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. આ ગેમ રમવા માટે તમે GAME લખીને 09327272727 પર એસએમએસ કે ફોન કરી શકો છો, અથવા www.youngistan.com લોગ ઓન કરી શકો છો. આ પાંચ અઠવાડિયાની રોમાંચક ગેમનો પ્રારંભ ૨૭મી માર્ચથી ટીઝર ફિલ્મ સાથે થશે, જેમાં મુખ્ય પાત્રો સંજય દત્ત અને રણબીર તથા 'વાઉ ગર્લ', જેકવેલીન ફર્નાન્ડીઝનને રજૂ કરવામાં આવશે. એ પછી પડકારો રજૂ કરતી ત્રણ ફિલ્મો પ્રત્યેક ગુરુવારે પ્રસારિત કરાશે, પાંચમી ફિલ્મના અંતે દર્શકો 'ધ ગેમ'ના કોઈપણ લેવલમાં પ્રવેશ મેળવી શકશે અને ફ્રી ટોકટાઈમ, સોંગ ડાઉનલોડ અને રીંગ ટોન્સ સહિતના રોમાંચક ઈનામો જીતી શકશે. જે પણ વ્યક્તિ દરેક લેવલે સાચા જવાબો આપશે તેઓ અંતિમ ટાઈ-બ્રેકર સ્લોગન ચેલેન્જમાં સફળ થઈને રૂ. ૫૦ લાખ જીતી શકશે.